જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૨/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૪૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૩૯૯ લીટર દેશી દારૂ, ૨૯૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૪૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૫૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૭૫૧/૨૦૨૫**

ઓઢવઃ પ્રવિણભાઈ જગદિશભાઈ ખટીક (ઉ.વ.૩૫)(રહે.નુતન શારદાનગર સોસાયટી, આપા હોટેલ પાસે, અંબિકાનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૧/૨૦૨૫ સાંજના ૭/૦૦ થી તા.૧૧/૧૨/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૧૨,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૦૧,૪૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.ચૌહાણ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૭૫૨/૨૦૨૫**

નવરંગપુરાઃ વિનોદકુમાર ત્રિકમલાલ સોની (ઉ.વ.૫૯)(રહે,માધવબાગ સોસાયટી, નિર્ણયનગર શોપીંગ સેંટર સામે, ચાંદલોડીયા રોડ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૨/૨૦૨૫ સાંજના ૬/૩૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન એક ટુ–વ્હીલર ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી નવરંગપુરા એચ.એલ.કોલેજ સામે, યુનિવર્સીટીના ગેટ નંબર–૧૧ આગળ રોડ ઉપર પાર્ક કરેલ વિનોદકુમારની કાર ની ડ્રાઈવર સીટની બાજુની સીટના દરવાજાનો કાચ તોડી, ગાડીમાંથી એક કાળા રંગની બેગ કે જેમા રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– તથા એક જોડ ચાંદીની પાયલ કિમત રૂપિયા ૪૫,૦૦૦/– અને સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૩,૦૦૦/– તેમજ ડાયરી નંગ–૨, દાગીના વજન કરવાનો વજન કાંટો અને અગત્યના દસ્તાવેજો મળી કુલ કિમત રૂપિયા ૯૮,૦૦૦/– મતા મુકેલ બેગની ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૭૫૩/૨૦૨૫**

અમરાઇવાડીઃ અમરાઇવાડી જવાહરનગરની સામે ભગીરથ એસ્ટેટ વિભાગ–૪ શેડ નં.૪૨ ખાતે આવેલ "બાલાજી પેલેટસ પ્રા.લી." નામના કારખાનામાં કામ કરતા સંતોષ રામનાથ ગૌતમ (ઉ.વ.૨૮)(મુળ વતન: ગામ– ઢૈકા, તા– સુલતાનપુર, જી– પાખનપુર, ઉત્તરપ્રદેશ) નાઓ તા.૧૧/૧૨/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે કારખાનામાં માલ સામાન ચઢાવવા–ઉતારવા લગાડેલ હાઇડ્રોલીક લીફ્ટમાં ઉપર ચઢતી વખતે આકસ્મીક રીતે લીફ્ટના પડખાની ઉપરની ખુલ્લી જગ્યામાંથી સંતોષે પોતાનુ માથુ બહાર નિકાળતા લીફ્ટ ઉપર જતા, તેમનુ માથુ લીફ્ટના પડખા અને છતની લોખંડની એન્ગલ વચ્ચે ફસાઇ જતા ગંભીર ઈજા થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૭૫૪/૨૦૨૫**

સરખેજઃ ઈસ્કોન આંબલી રોડ અશોક વાટીકા પાસે, અરીસ્ટા કોટીયાર્ડ ફ્લેટ ખાતે રહેતા વિજયભાઈ દેવજીભાઈ સોનાગરા નાઓની ૧૬ વર્ષની પુત્રી એ અગમ્ય કારણસર તા.૧૧/૧૨/૨૦૨૫ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા, સારવાર અર્થે તેમને બોડકદેવ એપીક હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં તા.૧૧/૧૨/૨૦૨૫ બપોરના ૧/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.ચૌધરી ચલાવે છે.

નારોલઃ અલ્કાબેન વા/ઓ વિક્રમભાઇ મુનિયા (ઉ.વ.૧૯)(રહે. ભીલવાસ, રોમી પ્લોટ, મોનિ હોટલના ખાંચામાં ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૨/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાની રહેણાંક ઓરડીમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ એ.સી.પી.શ્રી "કે" ડીવિઝનનાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી